# યુરોપ ત્રીજા વિશ્વયુદ્ધ માટે તૈયાર, અમેરિકાએ યુક્રેનને એન્ટિપર્સનલ લેન્ડ માઈન્સનો ઉપયોગ કરવાની મંજૂરી આપી

**પુતિન** દ્વારા અણુ હુમલાની ધમકી બાદ જર્મની નાટોના બેઝ ગ્રાઉન્ડમાં પરિવર્તિત થવા તૈયાર

**'ઓપરેશન**-પ્લાન ડેશલેન્ડ' નામનો 1,000 પાનાનો દસ્તાવેજ જર્મનીની રાષ્ટ્રીય સુરક્ષા યોજનાની રૂપરેખા જણાવે છે

યુરોપના અન્ય દેશો પણ સંભવિત યુદ્ધ માટે તૈયારી કરી રહ્યા છે

કિવ, તા. 20 (પીટીઆઈ): યુરોપીયન દેશો ખંડ પર મહાયુદ્ધ માટે તૈયારી કરી રહ્યા છે જ્યારે યુક્રેન દ્વારા પ્રથમ વખત રશિયામાં યુએસ-નિર્મિત મિસાઈલો લોન્ચ કરવામાં આવી હતી અને વ્લાદિમીર પુતિને સત્તાવાર રીતે અણુ શસ્ત્રોના ઉપયોગ માટેની મર્યાદા ઘટાડી હતી જેથી મોસ્કો પરમાણુ હુમલા પર વિચાર કરી શકે.

બાઈડેન સરકારે યુક્રેનને અમેરિકા દ્વારા મોકલાવેલી એન્ટિપર્સનલ લેન્ડ માઈન્સનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે જેથી રશિયન સૈનિકોને આગળ વધતા અટકાવવામાં આવે, એમ અમેરિકી સંરક્ષણ મંત્રી લોયડ ઓસ્ટિને બુધવારે જણાવ્યું હતું.

યુક્રેન માટે એન્ટીપર્સનલ લેન્ડ માઈન પર વોશિંગ્ટનની નીતિમાં ફેરફાર રશિયનો દ્વારા બદલાતી રણનીતિને કારણે છે. રશિયન ભૂમિ સૈનિકો સશસ્ત્ર વાહનોના બદલે પગપાળા યુદ્ધના મેદાનમાં આગળ વધી રહ્યા છે. રશિયાની વિશાળ સેના ધીમે ધીમે પૂર્વીય ડોનેટ્સક ક્ષેત્રમાં યુક્રેનની સંખ્યાબંધ સેનાને પાછળ ધકેલી રહી છે.

બીજી બાજુ જર્મનીના વિદેશ મંત્રીએ ગઈ કાલે વચન આપ્યું હતું કે તેમનો દેશ પુતિનથી ડરશે નહીં, એક દિવસ પહેલાં જ જર્મન મીડિયાએ જાહેર કર્યું હતું કે જો પૂર્વમાં સંઘર્ષ વધવો જોઈએ તો દેશ નાટોના બેઝ ગ્રાઉન્ડમાં પરિવર્તિત થશે.

'ઓપરેશન-પ્લાન ડેશલેન્ડ' નામના 1,000 પાનાના દસ્તાવેજ અનુસાર, જર્મની નાટો દેશોના હજારો સૈનિકોને હોસ્ટ કરશે અને મોરચા તરફ વિશાળ જથ્થામાં લશ્કરી સાધનો, ખોરાક અને દવાઓ મોકલવા માટે લોજિસ્ટિક્સ હબ તરીકે સેવા આપશે.

જર્મન સૈન્ય કંપનીઓ અને નાગરિકોને પણ સૂચના આપી રહ્યું છે કે કેવી રીતે મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું રક્ષણ કરવું અને રાષ્ટ્રીય સંરક્ષણ માટે કેવી રીતે ગતિશીલ થવું, સેના એવી પરિસ્થિતિની કલ્પના કરી રહી છે જેમાં રશિયા સમગ્ર યુરોપમાં ડ્રોન ફ્લાઈટ્સ, જાસૂસી કામગીરી અને તોડફોડના હુમલાઓનું વિસ્તરણ કરે છે.

આવી જ રીતે યુરોપના અન્ય દેશો પણ સંભવિત યુદ્ધ માટે તૈયારી કરી રહ્યા છે અને પોતાના નાગરિકોને સજાગ કરી રહ્યા છે.

# ન્યૂઝીલેન્ડમાં હજારો માઓરી માર્ગો પર આવ્યા, દેશના ઈતિહાસમાં સૌથી મોટું વિરોધ પ્રદર્શન



વેલિંગ્ટન, તા. 20: પ્રસ્તાવિત બિલના વિરોધમાં હજારો માઓરી પ્રદર્શનકારીઓ માર્ગો પર ઉતર્યા હતા જ્યારે ન્યુઝીલેન્ડ તેના ઈતિહાસમાં સૌથી મોટા પ્રદર્શનોમાંના એકનું સાક્ષી બન્યું હતું. ન્યુઝીલેન્ડની રાજધાની વેલિંગ્ટનના માર્ગો હાકા નૃત્યુના અવાજથી ગૂંજી ઉઠ્યા હતા જ્યારે અંદાજિત 42,000 લોકોએ સંભવિત નવા કાયદા સામે પ્રદર્શન કર્યા હતા, આ નવો કાયદો રાષ્ટ્રની સ્થાપના સંધિને ફરીથી વ્યાખ્યાયિત કરી શકે છે અને માઓરીને મળતા વિશેષ અધિકારોને છીનવી લેશે. દેશની મધ્ય-જમણી સરકારમાં જુનિયર ગઠબંધન પક્ષ, જમણેરી પાંખ એસીટી પક્ષના દબાણને કારણે ન્યુઝીલેન્ડમાં પ્રદર્શનો વધી રહ્યા છે. પક્ષની માગ છે કે વૈતાંગી સંધિનું અર્થઘટન કેવી રીતે કરવામાં આવે છે તેને ધરમૂળથી પુનઃવ્યાખ્યાયિત કરવામાં આવે. ગયા અઠવાડિયે તેને સંસદમાં ચર્ચા માટે રજૂ કરવામાં આવ્યા પછી, 22 વર્ષીય માઓરી પાર્ટીના સાંસદ હાના-રાવહીતી મૈપી-ક્લાર્કે બિલને અડધું ફાડી નાખ્યું અને હાકા નૃત્યનું પ્રદર્શન કર્યું હતું.

# વોશિંગ્ટનમાં બોમ્બ વાવાઝોડું ત્રાટક્યું, એકનું મોત



**600,000થી** વધુ લોકો વીજળી વગર રહ્યા

વોશિંગ્ટન, તા. 20: મંગળવારની સાંજે ઉત્તર-પશ્ચિમ યુ.એસ.માં આવેલા 'બોમ્બ વાવાઝોડા' પછી એક વ્યક્તિનું મૃત્યુ થયું છે અને 600,000થી વધુ અમેરિકનો વીજળી વિના રહ્યા હતા. ભારે પવનના કારણે શહેરોને વિરેવિખેર કરી નાખ્યા હતા અને વૃક્ષો ઘરો અને વાહનો પર પડ્યા હતા.

દક્ષિણ કાઉન્ટી ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, વોશિંગ્ટનના લિનવુડમાં એક મહિલાનું મંગળવારે રાત્રે મૃત્યુ થયું હતું, જ્યારે એક મોટું વૃક્ષ ઘરવિહોણા લોકોની છાવણી પર પડ્યું હતું.

દરમિયાન સિએટલ ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, સિએટલમાં એક વૃક્ષ ચાલુ વાહન પર પડ્યું હતું, જેનાથી ડ્રાઈવર વાહનમાં ફસાઈ ગયો હતો. વ્યક્તિની હાલત સ્થિર હોવાનું કહેવાય છે.

# રાજ્યની ભાષાઓની અવગણના કરી હિન્દી મહિનો અને સપ્તાહની ઉજવણી બદલ DMKએ કેન્દ્રની ટીકા કરી

**તમિલનાડુમાં** આવતા વર્ષની ચૂંટણી માટે તૈયાર થતા ડીએમકેએ 9.2 ટકા બેરોજગારી દર સહિત વિવિધ મુદ્દાઓ પર કેન્દ્રની ટીકા કરી

ચેન્નાઈ, તા. 20 (પીટીઆઈ): તામિલનાડુના શાસક ડીએમકેએ બુધવારે ભાજપની આગેવાની હેઠળના કેન્દ્રની નિંદા કરી અને આરોપ લગાવ્યો કે તેણે તમિલ સહિતની રાજ્ય ભાષાઓની અવગણના કરી અને હિન્દી, મહિનો અને સપ્તાહની ઉજવણી કરી હતી.

પાર્ટીએ તેના કાર્યકરોને કહ્યું કે લોકોને મહત્વની યોજનાઓ અને મુખ્યમંત્રી એમ કે સ્ટાલિનના દૂરંદેશી નેતૃત્વની યાદ અપાવી 2026ની વિધાનસભા ચૂંટણી માટે ઝુંબેશ શરૂ કરે. સાથે જ પક્ષે ચૂંટણી જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. સરકારી ટાઉન બસોમાં મહિલાઓ માટે મફત મુસાફરી અને કલાઈગ્નાર મગાલીર ઉરીમાઈ થોગાઈ (મહિલાઓના અધિકાર માટે કલાઈગ્નાર યોજના) થિટ્ટમ હેઠળ મહિલાઓ માટે રૂ. 1,000 માસિક સહાય ડીએમકે શાસન દ્વારા અમલમાં મુકવામાં આવતી યોજનાઓમાં પૈકી છે.

## પેજ 3

# શાહરૂખ, સલમાન સહિત બોલીવૂડ કલાકારોએ મતદાન કર્યું

















મુંબઈ, તા. 20 (પીટીઆઈ): અભિનેતા શાહરૂખ ખાન, સલમાન ખાન, અક્ષય કુમાર અને રણબીર કપૂર સહિત અનેક બોલિવૂડ સેલિબ્રિટીઓએ બુધવારે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મતદાન કર્યું હતું અને લોકશાહીના તહેવારમાં ગ્લેમરનો તડકો ઉમેર્યો હતો. 288 સભ્યોની રાજ્ય વિધાનસભાની ચૂંટણી સવારે 7 વાગ્યાથી સાંજે 6 વાગ્યાની વચ્ચે યોજાઈ હતી. મુંબઈના પ્રારંભિક મતદારોમાં અભિનેતા અક્ષય કુમાર, રાજકુમાર રાવ, અભિનેતા-નિર્દેશક ફરહાન અખ્તર, તેમની દિગ્દર્શક-નિર્માતા બહેન ઝોયા અખ્તર, પીઢ અભિનેતા શુભા ખોટે અને તેમની પુત્રી ભાવના બાલસાવર હતા. પોતાનો મત આપ્યા પછી પત્રકારો સાથે વાત કરતાં કુમારે કહ્યું, ''સૌથી સારી બાબત એ છે કે વ્યવસ્થાઓ સારી છે (પોલીંગ બૂથ પર), ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો માટે, ત્યાં સ્વચ્છતા છે. દરેક વ્યક્તિએ આવીને મતદાન કરવું જોઈએ કારણ કે તે સૌથી મહત્ત્વની બાબત છે.'' રણબીર કપૂરે કહ્યું, ''ચાલો મુદ્દાઓને ભૂલી જઈએ અને અત્યારે મતદાનનો દિવસ છે અને તે તમારો જન્મસિદ્ધ અધિકાર છે, તેથી કૃપા કરીને આવો અને તમારો મત આપો.'' શાહરૂખ ખાને સાંજે પત્ની ગૌરી ખાન અને પુત્ર આર્યન ખાન સહિત પરિવારના સભ્યો સાથે પોતાના મતદાન અધિકારનો ઉપયોગ કર્યો હતો. સલમાન ખાન ચુસ્ત સુરક્ષા વચ્ચે સાંજે 4.45 વાગ્યાની આસપાસ પોતાના પોલિંગ બૂથ પર પહોંચ્યો હતો. તેના પિતા અને પટકથા લેખક સલીમ ખાન, ભાઈઓ અરબાઝ અને સોહેલ સહિત તેમના પરિવારના સભ્યો તેમની પહેલા પહોંચ્યા હતા. અન્ય હસ્તીઓ જેમની આંગળીઓ પર શાહી લગાવવામાં આવી છે તેમાં કરીના કપૂર ખાન, તેના પતિ સૈફ અલી ખાન, શ્રદ્ધા કપૂર, કાર્તિક આર્યન, માધુરી દીક્ષિત-નેને, ગોવિંદા, ઉર્મિલા માતોંડકર, જોન અબ્રાહમ, અનન્યા પાંડે સાથે પિતા ચંકી પાંડે અને માતા ભાવના, પ્રેમ ચોપરા, અર્જુન કપૂર, સોનાલી બેન્દ્રે, સુરેશ ઓબેરોય, તુષાર કપૂર સામેલ હતા. ભક્તિ ગીતો માટે જાણીતા સિંગર અનુપ જલોટાએ પણ પોતાનો મત આપ્યો હતો. અભિનેત્રી અને બીજેપી સાંસદ હેમા માલિનીએ કહ્યું હતું કે, ''મત આપવો તમારો અધિકાર અને ફરજ છે.'' અભિનેતા દંપતી રિતેશ દેશમુખ અને જેનેલિયા દેશમુખે લાતુર જિલ્લાના બાભલગાંવ ખાતે મતદાન કર્યું હતું.













## લગ્નનાં 29 વર્ષ બાદ એઆર રહેમાન અને પત્ની સાયરા બાનુએ અલગ થવાની જાહેરાત કરી

મુંબઈ, તા. 20: ઓસ્કાર વિજેતા સંગીતકાર એઆર રહેમાને લગ્નનાં 29 વર્ષ બાદ પત્ની સાયરા બાનુથી અલગ થયા બાદ પોતાની વાત રાખી છે. આ દંપતીએ 1995માં લગ્ન કર્યાં હતાં અને તેમના અલગ થવાના સમાચારે ચાહકો અને સામાન્ય લોકોને ચોંકાવી દીધા હતા. રહેમાને તેમના અધિકૃત એક્સ (અગાઉ ટ્વિટર) એકાઉન્ટ પર તેમના જીવનના આ પ્રકરણના અંત વિશે એક ભાવનાત્મક સંદેશ શેર કર્યો છે. તેમની પોસ્ટમાં એ.આર. રહેમાને અલગ થવાના કારણે થયેલા ભાવનાત્મક તાણ પર વિચાર કર્યો, અલગ થવાની મુશ્કેલીઓનો સ્વીકાર કરતાં ઊંડું દુઃખ વ્યક્ત કર્યું. રહેમાને લખ્યું, ''અમને આશા હતી કે અમે ત્રીસ વર્ષ પૂરાં કરીશું, પરંતુ એવું લાગે છે કે દરેક વસ્તુનો એક અદૃશ્ય અંત હોય છે. તૂટેલા હૃદયના ભારથી ભગવાનનું સિંહાસન પણ ધ્રૂજી શકે છે. આમ છતાં આ વિખેરાઈ ગયેલા માળામાં આપણે અર્થ શોધીએ છીએ. જોકે, ટુકડાઓ ફરીથી તેમનું સ્થાન શોધી શકશે નહીં.''




